## ડાયરેક્ટ સે

રોજ રસ્તાની
વચ્ચોવચ્ચ ઊભો રહું છું
અકસ્માત
નથી સર્જાતો
આપણી મરજીથી

- મેહુલ વ્યાસ

## જન્મદિનેવધામણી


ભાવના પાઠક
લાયોનેસ ક્લબ, ગાંધીનગર


રિમા મોદી
લાયોનેસ ક્લબ, ગાંધીનગર

### આદરજ અને રૂપાલ પીએચસી સેન્ટર દ્વારા

# કોલવડાના શ્રીમતી કે કે પટેલ વિદ્યાલય ખાતે વાહકજન્ય રોગ અંગે જાગૃતિ પ્રયાસ



શ્રીમતી કે કે પટેલ વિદ્યાલય, કોલવડા ખાતે આદરજ અને રૂપાલ પીઍચસી સૅન્ટર દ્વારા વાહકજન્ય રોગનું નિયંત્રણ કાર્યક્રમ અંતર્ગત વક્તૃત્ત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં ધોરણ-૯થી ૧૨ના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. મેલેરિયા, ચિકન ગુનિયા અને ડૅન્ગ્યુ જેવા વાહકજન્ય રોગોના નિદાન અને ઉપચાર વિશે ખૂબ ઊંડી માહિતી આ કાર્યક્રમ અંતર્ગત આપવામાં આવી હતી. શાળાનાં આચાર્ય ભાવનાબા વાઘેલા દ્વારા મહેમાનોનું શાબ્દિક સ્વાગત કરી પ્રાસંગિક પ્રવચન કરવામાં આવ્યું હતું. હૅલ્થ સુપરવાઈઝર જશુભાઈ પ્રજાપતિ અને સંજયભાઈ મિસ્ત્રી દ્વારા મચ્છરનો ઉપદ્રવ અટકાવી રોગથી મુક્ત થવા માટેની માહિતી આપવામાં આવી હતી. વક્તૃત્ત્વ સ્પર્ધામાં પ્રથમ, દ્વિતિય અને તૃતિય વિજેતાઓને પ્રોત્સાહન ઈનામો આપવામાં આવ્યાં હતાં. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ઍન બી પટેલ અને આભાર દર્શન પ્રકાશભાઈ પટેલે કર્યું હતું. ગિરીશભાઈ અને પ્રવીણાબેને નિર્ણાયક તરીકેની ભૂમિકા અદા કરી હતી. કાર્યક્રમની સફળતા માટે સમગ્ર સ્ટાફે જહેમત ઊઠાવી હતી.

# ઍમ બી પટેલ ગર્લ્સ સ્કૂલ દ્વારા શૈક્ષણિક પ્રવાસોના દોરનો આરંભ



સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી ઍમ બી પટેલ ગર્લ્સ પ્રાઈમરી સ્કૂલમાં ધોરણ-૧થી ૮ની વિદ્યાર્થીની બહેનોને શિક્ષણની સાથે-સાથે ગાંધીનગર અને તેની નજીકમાં આવેલ જુદા-જુદા સ્થળોએ શૈક્ષણિક મુલાકાત માટે લઈ જવા માટેનું કૅલેન્ડર શાળાના આચાર્ય નીરૂબેન જે પટેલ દ્વારા તૈયાર કરી શૈક્ષણિક સત્રની શરૂઆતમાં જ અમલમાં મૂકી બાળકોને શિક્ષણની સાથે સાથે જ્ઞાનમાં વધારો થાય તેવો પ્રયત્ન આરંભ કરવામાં આવ્યો છે.

આ સંદર્ભમાં ગુરુવારે ધોરણ૮ બની ૬૬ વિદ્યાર્થીનીઓએ મુક્તિધામ અને વનચેતનાની મુલાકાત લીધી હતી અને ધોરણ-૮ અની ૬૮ વિદ્યાર્થીનીઓએ મધુર ડેરીની મુલાકાત લઈ ડેરીની કામગીરી તથા દૂધમાંથીતૈયાર થતી વિવિધ પ્રૉડક્ટ્સ અંગે વિગતવાર જાણકારી પ્રાપ્ત કરી હતી. બંને મુલાકાતોનું આયોજન શાળાનાં મદદનીશ શિક્ષક જયશ્રીબેન અને પ્રવીણાબેન પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. માર્ગદર્શક તરીકેની જવાબદારી સુપરવાઈઝર ભગવતીબેન તથા સંગીતાબેન દ્વારા અદા કરવામાં આવી હતી.



## ડેઈલી કરંટ

દર્શન મારૂ
95862 87447

(૧) ૨૨મી એશિયન ઍથ્લેટિક્સ ચૅમ્પિયનશીપ ભારતમાં કયા સ્થળે યોજાઈ રહી છે?
(એ) રાંચી
(બી) હૅદરાબાદ
**(સી) ભુવનેશ્વર**
(ડી) દિલ્હી

(૨) જુલાઈ માસ દરમિયાન યોજાનારી ૨૨મી એશિયન ઍથ્લેટિક્સ ચૅમ્પિયનશીપ માટે કેટલા દેશોના ખેલાડીઓ સહભાગી છે?
(એ) ૪૩
(બી) ૪૪
(સી) ૪૬
**(ડી) ૪૬**

(૩) આગામી જુલાઈ માસમાં વિમ્બલ્ડન-૨૦૧૭ ટેનિસ ટુર્નામેન્ટ કયા સ્થળે યોજાઈ રહી છે?
(એ) ન્યૂયોર્ક
(બી) પૅરિસ
**(સી) લંડન**
(ડી) સોચી

(૪) તાજેતરમાં ફ્રાન્સનું સર્વોચ્ચ નાગરિક સન્માન કયા ભારતીય અભિનેતાને આપવામાં આવ્યું છે?
(એ) સૌમિત્ર બેનર્જી
(બી) સૌમિત્ર કાલે
**(સી) સૌમિત્ર ચેટર્જી**
(ડી) સૌમિત્ર બસુ

(૫) ભારતમાં પ્રો કબડ્ડી સિઝન-૫ ટુર્નામેન્ટનો પ્રારંભ કયા સ્થળેથી કરવામાં આવશે?
(એ) મુંબઈ
(બી) બૅંગલોર
**(સી) હૈદરાબાદ**
(ડી) ભોપાલ

(૬) ભારતમાં આયોજિત પ્રો કબડ્ડી સિઝન-૫માં કેટલા દેશોની ટીમો ભાગ લેશે?
**(એ) ૧૨**
(બી) ૮
(સી) ૧૦
(ડી) ૧૪

(૭) શીખ ધર્મના દસમા ગુરુ ગોવિંદસિંહની ૩૫૦મી જન્મજયંતિએ અમદાવાદ ખાતે કયો મહોત્સવ મનાવવામાં આવ્યો હતો?
(એ) આનંદ પર્વોત્સવ
**(બી) પ્રકાશપર્વ મહોત્સવ**
(સી) વિજય પર્વ મહોત્સવ
(ડી) શીખ પર્વ મહોત્સવ

(૮) ૨૦૧૭ મિસ ઈન્ડિયાનો ખિતાબ કઈ સુંદરીએ હાંસલ કર્યો છે?
(એ) માનશી ગુપ્તા
(બી) માનુશી છાબડા
(સી) માનશી ચઢ્ઢા
**(ડી) માનુશી છિબ્બર**

(૯) ૨૦૧૭માં ચીને પોતાનું કયું સૌથી શક્તિશાળી નૌકાદળ યુદ્ધ જહાજ લોન્ચ કર્યું?
**(એ) યુદ્ધ જહાજ ૦૫૫**
(બી) યુદ્ધ જહાજ ૦૫૬
(સી) યુદ્ધ જહાજ ૦૫૭
(ડી) યુદ્ધ જહાજ ૦૫૮

(૧૦) ભારતે તાજેતરમાં ફ્રાન્સના ગુયાના ખાતેથી કયો કમ્યુનિકેશન સેટેલાઈટ લોન્ચ કર્યો?
(એ) જીસેટ-૧૫
(બી) જીસેટ-૧૬
**(સી) જીસેટ-૧૭**
(ડી) જીસેટ-૧૮

# આર સી પટેલ હાઈસ્કૂલે પ્રવેશોત્સવની ઉજવણી કરી

ગાંધીનગર, તા. ૧

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી આર સી પટેલ હાઈસ્કૂલ, સૅક્ટર-૨૩ ખાતે ધોરણ-૯ના વિદ્યાર્થીઓ માટે પ્રવેશોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું.

પરિસરમાં સ્થિત ક્રિએટીવ ઝોન ખાતે આયોજિત આ પ્રવેશોત્સવમાં સંસ્થાનાં સંયોજક ડૉ. વીણાબેન પટેલ સહિત સમગ્ર માધ્યમિક સ્ટાફ હાજર રહ્યો હતો. શિક્ષક દેવયાનીબેન શુક્લે શાસ્ત્રોક્ત વિધિ અનુસાર વેદમંત્રો સાથે વિદ્યાર્થીઓને શાળામાં પ્રવેશ કરાવ્યો હતો.

આચાર્ય વિનોદભાઈએ સ્વાગત પ્રવચન કર્યું હતું. વિદ્યાર્થીઓએ પોતાની પ્રતિભા વ્યક્ત કરીને આ દિવસને યાદગાર બનાવ્યો હતો. વિદ્યાર્થીઓને સાકરથી મોં મીઠું કરાવવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન મનીષાબેન પટેલે તથા આભાર દર્શન સુપરવાઈઝર પ્રવીણભાઈ પટેલે કર્યું હતું.

# પ્રેરણા વિદ્યાલયમાં ડૉક્ટર દિન ઉજવાયો




૧ જુલાઈ - ડૉક્ટર દિનની ઉજવણી પ્રેરણા વિદ્યાલય ખાતે કાર્યરત બાલમંદિર દ્વારા ઉત્સાહપૂર્ણ રીતે કરવામાં આવી હતી. કાર્યક્રમ અંતર્ગત ડૉક્ટર દ્વારા દરેક બાળકનું મૅડિકલ ચૅક-અપ કરવામાં આવ્યું હતું. ઉપરાંત, સરસ માજની વાર્તાના માધ્યમથી ડૉક્ટરે બાળકોને શું ખાવું, શું ન ખાવું, સારી ટેવો કઈ, કુટેવો કઈ, કયા ખોરાક ફાયદાકારક છે અને કયા નુકશાન-કારક છે, લીલાં શાકભાજી, કઠોળ, ફળોથી શરીરને કયા ફાયદા થાય છે એ વિગતો સમજાવી હતી. બાળકોએ પણ તબીબ પાસેથી સ્વસ્થતાના પાઠ ઠાવકા બનીને શીખ્યા હતા.

# આજે ગાંધીનગરમાં પુસ્તક પરબ યોજાશે

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર ખાતે સાડા ત્રણ વર્ષથી દર માસના પ્રથમ રવિવારે નિયમિત યોજાતી પુસ્તક પરબ જુલાઈ માસના પ્રથમ રવિવારે એટલે કે બીજી જુલાઈના રોજ પણ યોજવામાં આવશે.

ઘ-૪ સર્કલ ખાતે ઉદ્યોગ ભવન નજીક સવારે ૭.૩૦ થી ૯.૩૦ સુધી આ પુસ્તક પરબ યોજાઈ રહી છે.

આ અંગેની વિગતો આપતાં દિશાન્ત ગર્ગ દ્વારા જણાવવામાં આવ્યું છે કે માતૃભાષા અભિયાન અને આત્મન ફાઉન્ડેશનના સહયોગથી યોજાતી આ પુસ્તક પરબનો હેતુ માતૃભાષા ગુજરાતીના ગૌરવનો અને સારા પુસ્તકોના વાચનનો પ્રસાર કરવાનો છે. સાથોસાથ પુસ્તકના આદાનપ્રદાનની પ્રવૃત્તિ વિકસે અને લોકોમાં વાચનની ટેવ કેળવાય એવો તેનો શુભ આશય છે. ગુજરાતમાં ૮૦ જેટલાં સ્થળોએ આ પ્રકારે પુસ્તક પરબ યોજાય છે, એમ તેમણે આ અંગેની માહિતી આપતાં વધુમાં જણાવ્યું છે.

નગરના સૌ વાચનપ્રેમી, પુસ્તક પ્રેમીઓને આ પુસ્તક પરબનો લાભ લેવા માટે આયોજક સંસ્થાઓ વતી તેમણે આમંત્રણ પાઠવ્યું છે.

# લોગ મિલતે ગયે ઔર કારવાં બનતા ગયા


મૈં તો અકેલા હી ચલા થા
જાનિબ-એ-મંઝિલ મગર
લોગ મિલતે ગયે
ઔર કારવાં બનતા ગયા

મજરૂહ સુલતાનપુરીનો આ શેર ગાંધીનગરના 'પ્રવાસી ગૃપ' માટે લખાયો હોય એવો જોગાનુજોગ છે. કારણ કે પ્રવાસી ગૃપની વાત પણ કંઈક આવી જ છે : લોગ મિલતે ગયે ઔર કારવાં બનતા ગયા!

'પ્રવાસી ગૃપ' એ ગાંધીનગર શહેરમાં સચિવાલયના વિવિધ વિભાગોમાં અને અન્ય સરકારી કચેરીઓમાં કામ કરતા કર્મચારીઓ, અધિકારીઓનું એક ગૃપ છે. ગૃપની પ્રવૃત્તિ એના નામથી જ સ્પષ્ટ છે : પ્રવાસ. અને આ ગૃપના સ્થાપક છે કશ્યપ પાઠક, જેઓ પોતે પણ નિવૃત્ત ઉપસચિવ છે. રાજ્ય સરકારના આરોગ્ય વિભાગને એમણે મોટાભાગે પોતાની સેવાઓ આપી છે.

આ ગૃપ દર વર્ષે અવનવા પ્રવાસોનું આયોજન કરે છે, જેમાં દેશ ઉપરાંત વિદેશના પ્રવાસો પણ સામેલ હોય છે. 'પ્રવાસી ગૃપ'માં જ પ્રવાસ કરવાનો આગ્રહ આ કર્મચારીઓ, અધિકારીઓ એટલા માટે રાખે છે કે તેના બધા જ સભ્યો કુટુંબભાવનાથી હળીમળીને પ્રવાસ કરે છે અને સૌથી મોટો ફાયદો એ કે અન્ય કોઈપણ ટુર ઑપરેટર કરતાં પ્રવાસી ગૃપ દ્વારા યોજાતા પ્રવાસ સસ્તા હોય છે!

કશ્યપભાઈના શબ્દોમાં જ પ્રવાસી ગૃપના જીવનપ્રવાસની કથા માણીએ : 'વાત શરૂ થઈ ૧૯૭૬માં. ત્યારે કટોકટી હતી અને મેં ગાંધીનગરથી બોમ્બે, અર્નાકુલમ અને કોઈમ્બતૂરનો પ્રવાસ કર્યો હતો. કુલ ખર્ચ આવ્યું ૩૦૦ રૂપિયા. આ એ જમાનો હતો જ્યારે ૨૦ પૈસાની ઈડલી મળતી અને ૩૦ પૈસાનો ઢોંસો. આ પ્રવાસે મને ઘણું શીખવ્યું ને હું મિત્રોને પણ આ પ્રવાસે લઈ ગયો. મારા મિત્ર અશોક વસાણી અને હાલ સ્વર્ગસ્થ મિત્ર સુનિલ દવે ત્યારે મારી સાથે જોડાયા હતા. એ પછી શ્રાવણ માસમાં ચાર જ્યોતિર્લિંગની યાત્રા ગોઠવી, ૨૦૦૦માં લક્ષદ્વીપ અને કેરાલાનો પ્રવાસ ગોઠવ્યો. ૨૦૦૮માં અંદામાન-નિકોબારની યાત્રા ગોઠવી. માત્ર ૬૫૦૦માં આ યાત્રા સંપન્ન થઈ હતી. એ નહીં બાકીની બધી યાત્રાઓ પણ આ જ રીતે થતી - નહીં નફા, નહીં નુકશાનના ધોરણે. એક ઉચ્ચક રકમ પ્રવાસમાં જોડાઈ રહેલા મિત્રો પાસેથી લેવાની ને પ્રવાસ પૂર્ણ થયે વધેલી રકમ એમને પરત કરી દેવાની. આ પ્રવૃત્તિનો વ્યાપ આપમેળે વધતો ગયો ને વધુ ને વધુ મિત્રો એમાં જોડાતા ગયા. એ પછી તો દુબઈનો પ્રવાસ પણ કર્યો ને ઉઝબેકિસ્તાન, તાશ્કંદ, સમરકંદ, બુખારા, સિંગાપુર, ચાઈના, થાઈલેન્ડ, હોંગકોંગ, ભુતાનનો પ્રવાસ પણ કરી આવ્યા. આ બધા જ પ્રવાસમાં સૌને એટલી મજા પડી કે અશોક વસાણી, મહેશ રાજપુરા, કિરણ ગોર, મનોજ મચ્છર અને સી ઍમ પટેલ તો ગૃપના કાયમી સભ્ય થઈ ગયા. ગૃપનો પ્રવાસ હોય એટલે એ લોકો તો સાથે હોય જ.'


આવો ચીલો ચાતરીએ
કુંતલ નિમાવત
knn786@gmail.com

પ્રવાસી ગૃપને હાલ એટલા માટે સંભારવાનું થયું કે આ ગૃપનો આગામી પ્રવાસ આવતીકાલે એટલે કે ૩ જુલાઈના રોજ યુરોપના ફ્રાંસ, બ્રસેલ્સ, સ્વીત્ઝરલેન્ડ, ઓસ્ટ્રીયા, જર્મની તથા ઈટાલી જઈ રહ્યો છે. કુલ ૧૪ પ્રવાસીઓ આ પ્રવાસમાં જોડાયા છે.

પ્રવાસી ગૃપમાં પ્રવાસીઓની પસંદગી ફૂંકી-ફૂંકીને કરવામાં આવે છે. વ્યક્તિનો સ્વભાવ મળતો આવે તો જ એમને પ્રવાસ માટે સાથે લેવામાં આવે છે, અન્યથા નહીં. આ જ કારણે માત્ર એક કિસ્સાને બાદ કરતાં આ ગૃપને બધા જ સભ્યો સરખા ને મળતાવડા મળ્યા છે. મિત્રો સરખા ન મળે તો સન્માનપૂર્વક એમને પ્રવાસમાં સાથે લેવાનો ઈનકાર પણ કરી દેવામાં આવે છે.

સરખેસરખા પરિચિતો સાથે પ્રવાસની મજાનો એક યાદગાર કિસ્સો યાદ કરતાં કશ્યપભાઈ જણાવે છે કે, 'ચાઈનામાં આપણા ભારતીય ભોજન માટેનો મસાલો શીપ દ્વારા મગાવવામાં આવતો, ત્યાં પણ અમે અમારા સભ્યોને ગરમાગરમ ભજિયાં ને ફૂદીનાની ચટણી ખવરાવેલી. ત્યારે સભ્યો તો દંગ થઈ ગયેલાં. એ જ રીતે હોંગઝુ પહોંચ્યા ત્યારે મિત્ર કિરણ ગોરનો જન્મદિવસ હતો. ડિનર પહેલાં અમે એમને સરપ્રાઈઝરૂપે કેક હાજર કરી અને એ કેક કાપી ત્યારે એમનાં શ્રીમતીની આંખોમાં હર્ષાશ્રુ હતાં. આ જન્મદિવસ અમારા માટે યાદગાર છે એવું દંપતિએ ખુશી-ખુશી સ્વીકારેલું.'

'આવી જ ખુશીઓ આ પ્રવૃત્તિ કરવા માટે ને ચાલુ રાખવા માટે પ્રેરે છે ને એટલે એ ચાલુ રાખી છે' એમ જણાવતાં કશ્યપભાઈ ઉમેરે છે કે 'હવે તો સરકારી નોકરીમાંથી નિવૃત્ત પણ થઈ ગયો છું એટલે પ્રવાસ કરવા માટે સમયની પણ ખાસ્સી અનુકૂળતા થઈ ગઈ છે.'

પોતાના પ્રવાસના અનુભવોને આધારે કશ્યપભાઈએ પ્રવાસી ટુર્સ ઍન્ડ ટ્રાવેલ્સ નામે પ્રવાસનો વ્યવસાય પણ શરૂ કર્યો છે. હવે તેઓ અન્ય લોકોને સસ્તી અને સારી ટુર્સ આયોજિત કરી આપવાની સર્વિસ આપે છે. અનોખા ગાંધીનગરનું અનોખું એવું આ પ્રવાસી ગૃપ સોમવારે યુરોપના પ્રવાસે જઈ રહ્યું છે ત્યારે ગૃપ અને પ્રવાસમાં જોડાઈ રહેલા સૌ સભ્યોને શુભકામનાઓ. પ્રવાસી ગૃપ આગામી સમયમાં પણ આવા જ યાદગાર પ્રવાસો કરતું રહે, કરાવતું રહે એવી અંતરની અભિલાષા.




**જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મ-દિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય.**

**- સંપાદક**

## વાચકોને આમંત્રણ

### 'સંવેદના' વિભાગમાં સ્વાનુભવો લખવા

લેખકો, વાચકોનું પ્રિય અને ગાંધીનગરનું પ્રથમ દૈનિક સમાચારપત્ર 'ગાંધીનગર સમાચાર' ખાસ લખવા માગતા વાચકો માટે સંવેદના વિભાગ શરૂ કરી ચૂક્યું છે અને આ માટે લખવા સૌને આમંત્રણ આપે છે. આ વિભાગ અંતર્ગત દર માસે અલગ-અલગ વિષયો આપવામાં આવશે, જે માટે વાચકોએ લખાણ મોકલવાનું રહેશે. વિભાગ દર સોમવારે પ્રકાશિત કરવામાં આવશે. કોઈપણ વાચક આ લખાણ મોકલી શકે છે, જે તેના નામ સાથે પ્રકાશિત કરાશે. હા, લખાણની લંબાઈ અને ઍડિટિંગનો અધિકાર અખબાર અબાધિત રાખે છે. વાચકોને વિનંતી છે કે શબ્દોની મર્યાદા ૧૫૦ સુધી રાખવામાં આવે.

આ વખતનો વિષય છે :

## 'મારું પ્રિય પુસ્તક'